મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૪ ટકા

ગાંધીનગર તાપમાન

આજોલમાં ધમધમતા જુગારના અડ્ડા પર પોલીસનો દરોડો : ૯ની ધરપકડ

ડભોડા જેઠીપૂરા માર્ગ પર ખૂલ્લેઆમ જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર તા ૨૬

માણસા પોલીસે આજોલ ગામમાં જુગારધામ ધમધમી રહ્યું હોવાની બાતમીના આધારે દરોડો પાડી અડ્ડા પરથી પોણા બે લાખના મુદ્દામાલ સાથે નવ શકુનિઓની ધરપકડ કરી દીધી હતી. તો બીજી તરફ ડભોડા જેઠીપૂરા માર્ગ પર ખુલ્લેઆમ જુગાર રમી રહેલા પાંચ શખ્સોને પોલીસે પકડી પાડ્યા હતા. જુગારના બંને કેસ દાખલ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ માણસા પોલીસે આજોલ ગામની સીમમાં ખુલ્લામાં જુગાર રમી રહેલા નવ શખ્સોને પકડી પાડયા હતા. પોલીસે ચિરાગ કે શાહ, રમેશ કે પટેલ, અલ્કેશ બી પટેલ, જીતેન્દ્ર પી પટેલ, ઠાકરસિંહ જી ગોહિલ, મહેશ એસ.પટેલ, પંકજ ડી પટેલ, મહેન્દ્ર એસ પટેલ અને જીતેન્દ્રસિંહ પી ચાવડા મળીને નવ શકુનીઓને રોકડ રૂપિયા ૫૩૦૦૦ તથા પાંચ મોબાઈલ અને ઈન્ડિગો ગાડી મળી કુલ રૂ.૧,૬૭,૧૦૦ ની કિંમતના મુદ્દામાલ સાથે પકડી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ ડભોડા પોલીસે ચોક્કસ બાતમીના આધારે ડભોડા જેઠીપૂરા રોડ પર આવેલા ખુલ્લા ખેતરમાં બાજી માંડીને બેઠેલા પાંચ શખ્સોને દબોચી લીધા હતા. ડભોડા પોલીસે દરોડો પાડીને અજય બી મારવાડી, રણજીત એચ સોલંકી, ગોપાલ બી સોલંકી, રાજેશ બી ઠાકોર તથા પ્રવિણ એ સોલંકી મળીને પાંચ શખ્સોને પકડી પાડી તેમની પાસેથી રોકડ રૂ.૧૯૬૦ નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

માણસાના અંબોડ પાસે વિદેશી દારૂનું કટિંગ વધ્યું હોવાનું પ્રાથમિક તારણ

માણસા સિવિલ પાસેથી એક કોન્સ્ટેબલ દારૂ બિયરની પેટીઓ લઈને જતા કાર સાથે પકડાયો: અંબોડમાંથી દારૂ બિયર લીધો હોવાનું ખૂલ્યું

ગાંધીનગર તા ૨૬

જિલ્લાના માણસા તાલુકામાં આવેલા અંબોડ ગામમાં વિદેશી દારૂનું કટિંગ વધ્યું હોવાનું પ્રાથમિક તબક્કે લાગી રહ્યું છે. અગાઉ ઘણા કેસોમાં અંબોડમાંથી દારૂ લવાય હોવાનું દારૂના જથ્થા સાથે પકડાયેલા આરોપીઓના પૂછપરછમાં બહાર આવેલું છે ત્યારે ગઈકાલે પકડાયેલી વધુ એક ગાડી દારૂ બિયર સાથે માણસા પોલીસે જપ્ત કરી અને તેના આરોપીને પકડી ને તેને પૂછપરછ કરી તો આ આરોપી પણ અંબોડથી દારૂ-બિયરનો જથ્થો લઈને આવ્યો હોવાનું બહાર આવ્યું છે. ઈન્ડીકા ગાડી સાથે પકડાયેલો શખ્સ પોલીસ કોન્સ્ટેબલ હોવાનું પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે. માણસા પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી કોન્સ્ટેબલની ધરપકડ કરી ઊંડી પૂછપરછ શરૂ કરી છે.

માણસા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે માણસા સીવીલ હોસ્પિટલ પાસેથી એક શખ્સને ચોક્કસ બાતમીને આધારે ઈન્ડીકા વિસ્ટા કારમાં વિદેશી દારૂ બિયરનો જથ્થો ભરીને લઇ જતાં પકડી પાડ્યો હતો. જીજે ૧ આરબી ૭૪ ૩૨ નંબરની ઈન્ડીકા ગાડી સાથે અમદાવાદ શાહીબાગ વિસ્તારમાં આર્મી કેમ્પમાં રહેતા પ્રદીપ બાબુલાલ શર્મા ને પકડી પાડવામાં આવે છે. તેની કારમાંથી વિદેશી દારૂની ૩૬ બોટલ તથા પાંચ પેટી બિયર મળીને કુલ ૨૪ હજારની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. દારૂ બિયર સાથે પકડાયેલો શખ્સ કોન્સ્ટેબલ હોવાનું પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે. માણસા પોલીસે આરોપીની ધરપકડ કરી દારૂ બિયર તથા ગાડી સહિતનો મુદ્દામાલ જપ્ત કરી માલ ક્યાંથી લાવ્યો અને ક્યાં લઈ જઈ રહ્યો હતો તે સહિતની પૂછપરછ શરૂ કરી છે. આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ માલ તેણે અંબોડ ગામમાંથી ભર્યો હતો. નોંધનીય બાબત એ છે કે અંબોડ માં દારૂનું કટિંગ વધી રહ્યું હોય તેમ તાજેતરમાં પકડાયેલા દારૂના આરોપીઓની ઈન્ટ્રોગેશનમાં મળેલા જવાબો પરથી લાગી રહ્યું છે.

સેકટર-૭ડી ખાતે બીજી સપ્ટેમ્બરે તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ

ગાંધીનગર,તા. ૨૬

ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ તથા શહેરીજન સંસ્થા સેકટર ૭ ડી તરફથી દર વર્ષની જેમ સંયુક્ત વાર્ષિક સભા, તથા તેજસ્વી તારલાઓનું સન્માન તથા ૭૫ વર્ષના વડીલોનું સન્માન યોજાશે. કાર્યક્રમ તા. ૨જી સપ્ટેમ્બરના રોજ ચૌધરી હાઈસ્કૂલના હોલમાં સાંજે ૪ કલાકે યોજાશે. મુખ્ય મહેમાન, અતિથિવિશેષ પદે મહાનગર પાલિકાના કોર્પોરેટર નાજાભાઈ ઘાંઘર, કાર્તિકભાઈ પટેલ, શ્રીમતી પાર્વતીબહેન, મધુકરભાઈ પરમાર, વડીલ જે. ડી. દવે, ચૌધરી સંકુલ ટ્રસ્ટના ટ્રસ્ટી ભૂપતભાઈ ભૂપડીયા હાજર રહેશે.

જે. બી. પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪

શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય નીવાબેન પટેલે રાખડીનાં સુરક્ષા કવચ સાથે બાળકો સુરક્ષીત રહે તેવી ગુરૂભાવના વ્યક્ત કરી હતી અને રક્ષાબંધન પર્વની શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે શાળાની શિક્ષિકા બહેનોએ વિદ્યાર્થીઓને કુમકુમનો ચાંદલો કરી રાખડી બાંધી હતી અને વિદ્યાર્થીઓનાં દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી.

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત શ્રી સ્વામિનારાયણ પ્રા. શાળાના પટાંગણમાં રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિત્તે નાના ભુલકાંઓને ભાઈ-બહેનના પવિત્ર બંધનના હેત સમા 'ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના' મંત્રને સાર્થક કરવા શાળામાં રક્ષાબંધન પર્વ ઉજવણીનું આયોજન પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયના સંચાલિકા રોજયોગિની તારાદીદીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તારાદીદીએ નાના ભુલકાઓને પવિત્ર રક્ષાબંધન પર્વના મહિમા વિશે સમજાવ્યું હતું. શાળાના આચાર્ય માનસિંહ ચૌધરી તથા નિયામક પી.પી. પટેલે રક્ષાબંધન પર્વની ઉજવણી વિશે ભારતીય સંસ્કૃતિમાં વિશેષ મહત્વ રહેલું છે ત્યારે શાળાના બાળકોએ ઉલ્લાસ અને ઉમંગથી ભાઈના હાથે રાખડી બાંધી ઉત્સાહપૂર્વક ખુશી સાથે ભાગ લીધો હતો.

@ગાંધીનગર

● સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન શિવ મહિમ્ન્ પાઠ અને સ્તૃતિ વંદના નરેન્દ્ર મહેતા બ્લોક નં. ૧૦૦/૦૧, છ-ટાઈપ સેકટર-૨૩ ખાતે યોજાશે.

● શ્રીજીશ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્રાવણ વદ-૧ ચાંદીના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે હરિ ઝુલે હીરના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● જલારામ મહિલા મંડળ દ્વારા ૧૦.૩૦ થી ૧ કલાક દરમિયાન વાસણિયા મહાદેવ ખાતે ડબ્બા ઊજવણી કરાશે.

● ક્ષત્રિય ઠાકોર સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા માર્ગદર્શન સેમિનાર સવારે ૧૧ કલાકે કોમ્યુનિટી હોલ ધોળાકુવા, ખાતે યોજાશે.

રક્ષાબંધન ભાઈ-બહેન જ નહીં પણ સમાજ-દેશ પ્રત્યે પ્રેમ, વાત્સલ્ય અને ભાઈચારાનું પ્રતીક

ગાંધીનગર, તા. ૨૬

રક્ષાબંધન જૈન અને ભારતીય સંસ્કૃતિનો એક પવિત્ર પર્વ છે જેમાં ભાઈ-બહનનો પ્રેમ તો છે જ પણ ભાઈચારા, દયા અને કરૂણાનો નિહિત સંદેશ છે. ચર્યાચક્રવર્તી પ્રાકૃતાચાર્ય ૧૦૮ આચાર્ય શ્રી સુનીલસાગરજી મહારાજે કહ્યું કે જૈન સંસ્કૃતિમાં આ રક્ષાબંધન પર્વ ૭૦૦ મુનિઓના ઉપસર્ગ નિવારણ અને સમાજમાં પારસ્પરિક પ્રેમના રક્ષા સૂત્રા સ્વરૂપે ઉજવાય છે. વિક્રિયા ઋદ્ધિધારક મહામુનિરાજે વાત્સલ્ય ભાવના કારણે પોતાની દિક્ષા ખંડિત કરીને ત્યાગ અને પ્રેમનો અદ્ભુત દાખલો આપ્યો. તેમણે વામન રૂપ ધરી બલિનો મદ મર્દન કરીને મુનિશ્રીનો ઉપસર્ગ દૂર કર્યો હતો. બલિના ઓછા વર્તનથી સીખ લેવી જોઇએ કે જો કોઈ બાત સારા શબ્દોમાં કહેવામાં આવે તો તે બીજા માટે સન્માનરૂપ બની જાય છે જયારે એના વિપરીત ખરાબ અને અપશબ્દો અને ખોટા પરિણામો સાથે કહેલી વાણી અપમાન અને અભિશાપ રૂપ વિનાશક બની જાય છે. મંત્રી બલિએ ઈર્ષ્યા, માન અને અજ્ઞાનવશ આચાર્યશ્રી અકમ્પનચાર્યના ૭૦૦ મુનિઓના સંઘ પ્રત્યે ઉપસર્ગરૂપ જે ઘોર અપરાધ કર્યો હતો તેનો સમાજે ખૂબ તિરસ્કાર કર્યો અને બલિએ પોતાની આ કુકૃત્યની ક્ષમા માગી તથા લોકહિતકારી, જીવ દયાલક્ષી જૈનધર્મ સ્વીકાર કર્યો.

મહારાજશ્રીએ જણાવ્યું કે આ ઘટના ખૂબ જ પ્રાચીન છે જે જૈન ધર્મના ૧૮માં તીર્થંકર પ્રભુ અરહનાથજીના કાર્યકાલમાં બની હતી. એટલે જૈન સંસ્કૃતિ મુજબ આ પર્વ કેટલો જૂનો છે તેનો અંદાજ એના ઉપરથી આવી જાય છે. એટલે જ જૈન ધર્મના અહિંસા, દયા, કરુણા વાત્સલ્યના સિધ્ધાંતો પણ અનાદિનિધન છે જે તેના પ્રવર્તકો દ્વારા લોકહિતમાં પ્રકટ થયા. રક્ષાબંધનના રક્ષાસૂત્ર ભાઈ-બહેનો માટે જ નહિં પણ સાધર્મી ભાઈઓ, સમાજ, રાષ્ટ્ર, વિશ્વ અને સમસ્ત માનવ જાતિના અસ્તિત્વ સાથે સંબંધ ધરાવે છે. માનવ સમાજે આવા પ્રેમ અને વાત્સલ્યની સુવાસને પશુ-પક્ષિઓના જીવનને સાચવવા માટે ફેલાવી જોઇએ, ગૌશાળાઓમાં દાન આપવો જોઇએ, આ દિવસે ગરીબો અને જરૂરતમંદોની જોઇતી મદદ કરવી જોઇએ.

ગાયત્રી શક્તિપીઠ ખાતે રક્ષાબંધનની ઉજવણી

ગાયત્રી શક્તિપીઠ, ગાંધીનગર ખાતે શ્રાવણી પુનમ નિમિત્તે ગાયત્રી પરિવારના પરિજનોએ યજ્ઞોપવિત પરિવર્તિત કરી, રક્ષાસૂત્ર બાંધીને રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

કોલવડા વિદ્યાલય ખાતે વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

શ્રીમતી કે.કે.પટેલ વિદ્યાલય,કોલવડા ખાતે 'ઈનામ-વિતરણ/વાર્ષિકોત્સવ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રી ધમાસણા ગામે આવેલા 'વિજય હનુમાન આશ્રમનાં' સંતશ્રી દંડીબાપૂ પધાર્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ઘણાં ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મા.ઉ.મા ના વિદ્યાર્થીઓએ વર્તમાન સમસ્યા એવા 'ટ્રાફિક નિયમન' અંતર્ગત સુંદર નાટક રજૂ કર્યુ હતું. વિદ્યાર્થીનીઓએ 'ઘુમરનૃત્ય' નું સુંદર નિદર્શન કર્યુ હતું. મહેમાનોએ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને રોકડ રકમ સ્વરૂપે પ્રોત્સાહિત કર્યા હતાં. સમગ્ર કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓ માટે અલ્પાહાર અને મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી. શાળાનાં આચાર્ય ભાવનાબા વાઘેલાના નેતૃત્વ અને માર્ગદર્શનથી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક નારાયણભાઈ પટેલ અને વર્ષાબેન પટેલે કર્યું હતું.

શું અટલજીની વિદાય સાથે સૌહાર્દપૂર્ણ રાજનીતિ પણ વિદાય જ લેશે ?

લાગ્યું એવું લખ્યું
સમીર રામી

ભારતના પૂર્વ વડાપ્રધાન "ભારતરત્ન" અને ભારતીય રાજનીતિના ભીષ્મ પિતામહ સમાન અટલ બિહારી વાજપેયી ૧૬મી ઓગસ્ટે ફાની દુનિયાને અલવિદા કહીને વિદાય થયા અને તે સાથે જ દેશે સકારાત્મક રાજનીતિના આખરી મશાલચીની વિદાય થયી હોવાનો સૂર ચોતરફથી સાંભળવા મળ્યો જેના કારણે વિચારવાનું મન થાય કે કેમ આઝાદીના ૭૧ વર્ષ પછી પણ આપણે વિશ્વમાં જે રાષ્ટ્ર સભ્યતા અને સંસ્કૃતિનું જનક હોવાનું ખપાવવા મથીયે છીએ તેની રાજનીતીમાંથી જ સદભાવ અને વિવેકના સંસ્કાર જ ધરાવતા રાજનેતાઓ વિલુપ્ત થયી ગયા?? અટલબિહારી "ગગનવિહારી" થતાં જ કોઈએ લખ્યું કે "સૌહાર્દપૂર્ણ રાજનીતિના છેલ્લા સેવકની વિદાય" તો કોઈએ તેમને ભારતમાં મૈત્રીપૂર્ણ રાજનીતિના છેલ્લા શિખર પુરુષ ગણાવ્યા તો કોઈએ તેમને "સર્વ મિત્ર" કહ્યા. અટલ બિહારી વાજપેયીની વિદાય સાથે નહીં, ખરેખર તો ભારતીય રાજનીતિમાંથી "નીતિ" તો ક્યારનીય વિદાય લઈ ચૂકી છે અને તેનું સ્થાન માત્ર અને માત્ર "તોડફોડ કરો અને તોડપાણી કરો"ની નીતિએ લઈ લીધું છે તેમાં બે મત નથી.

આજે ભારતમાં ગ્રામ પંચાયતથી માંડીને નગરપંચાયત હોય કે નગરપાલિકા, તાલુકા પંચાયત હોય કે જિલ્લા પંચાયત, વિધાનસભા હોય કે લોકસભા, લોકશાહીની તમામ સંસ્થાઓ તેના કહેવાતા "સેવકો" દ્વારા મુદ્દાલક્ષી વિચારો રજૂ કરવા કે તંદુરસ્ત ચર્ચા થવાને બદલે માત્ર પોતાના વિરોધીઓ પર માત્ર અંગત આક્ષેપો જ નહીં અસભ્ય ગાળાગાળી કરવી, છુટ્ટા હાથની મારામારી કરવી, ખુરશીઓ અને માઈકો તોડવા, ગૃહમાં ચલણી નોટોથી માંડીને મગફળી ઉછાળવી, ધાંધલ-ધમાલ અને શોરબકોર કરીને વિરોધીની વાતને દબાવવી અથવા રજૂ ના કરવા દેવી, ગૃહને અસભ્ય વર્તણૂકથી બાનમાં લઈને ગૃહની ગરિમા લજવવી એ બધુ જાણે રાજનીતિનો પર્યાય બનતું જાય છે. વળી, આશ્ચર્ય તો એ વાતનું થાય કે આજ નેતાઓ પ્રજાને લોક આંદોલનમાં બસો નહીં બાળવાની સુફિયાણી સલાહો પણ આપતા હોય. આજના સમયમાં પંચાયત કે મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભા હોય કે પછી વિધાનસભા કે લોકસભા ગૃહ હોય માત્ર એકબીજાને નીચા દેખાડવાની જાણે હોડ લાગી હોય તેવું નાગરિકોને દિન-પ્રતિદિન પ્રતિત થઈ રહ્યું છે. તાજેતરમાં જ ગુજરાત રાજ્યની વિધાનસભાના ગત સત્રમાં સર્જાયેલી ઘટના જેમાં ગૃહમાં ધારાસભ્યોએ છુટ્ટા હાથની મારામારી કરી એટલું જ નહીં પરંતુ "મહિલા સશકિતકરણ"ના યુગમાં જ મહિલા ધારાસભ્યોની હાજરીમાં જ મહિલાઓને નિમ્ન દેખાડતી અત્યંત ગંદી ગાળો પણ બોલવામાં આવી હતી. આમ પણ હવે તમામ લોકશાહીના ચર્ચા ગૃહમાં સર્વોચ્ચ સ્થાનથી માંડીને નવોદિત નિર્વાચિત સભ્યો દ્વારા ચર્ચામાં દ્વિઅર્થી ભાષા પ્રયોગ પણ હદ કરતાં વધી રહ્યો છે. એક તરફ રાજનીતીમાં સાધુ-સંતો અને ત્યાગી વ્યક્તિઓની સંખ્યા વધી રહી છે પરંતુ બીજી તરફ ધર્મના આ જ ધુરંધરો દ્વારા સૌહાર્દપૂર્ણ વાતની અપેક્ષાએ તેમના સાધુત્વને લજવે તેવી ભાષા પ્રયોગ નાગરિકોને અચંબિત કરી રહ્યો છે.

આજે ચર્ચા ગૃહ કરતાં પણ પાયાની રાજનીતીમાંથી જ પધ્ધતિઓ માત્ર ને માત્ર હોહા-ધાંધલ-ધમાલ-હકોટા-પડકારા કરનારા રાજકીય કાર્યકરો અને અગ્રણીઓ વધુ ઝડપથી નેતૃત્વ તરફ ગતિ કરે છે તેવી છાપ ઉપસી રહી છે, કોઈ પણ પ્રજાલક્ષી રજૂઆત હોય, કર્મચારીલક્ષી માંગણી હોય, લોક આંદોલન હોય કે વિરોધ પ્રગટ કરવાનો હોય તેમાં તોડફોડ કરવી, બસો સળગાવવી, હિંસા કરવી, અભદ્ર ભાષામાં સૂત્રો પોકારવા, બળજબરીથી વેપાર-ધંધા કે શાળાઓ-સંસ્થાઓ બધ કરાવવી, ડરનો માહોલ ઊભો કરવો એને જ રાજનીતિ કહેવાય તેવો માહોલ ચોતરફ સર્જાઈ રહ્યો છે જે અત્યંત ચિંતાજનક સ્થિતિ છે કેમકે તેના કારણે ઝડપભેર સારા-સ્વચ્છ નાગરિકો રાજનીતિથી દૂર થઈ રહ્યા છે. ચૂંટણી સમયે તો રાજકીય નિવેદનોમાં કોઈ પણ પ્રકારની મર્યાદા જાળવતી નથી અને કોઈ કોઈને નીચ કહીદે કે કોઈ કોઈને મૌનીબાબા, ફેંકું, પપ્પુ જેવા અપમાનજનક શબ્દો જાહેરમાં વાપરે તે હદે ચડસાચડસી જામે છે અને માત્ર ટીવી, મોબાઈલ કે અખબારોમાં ચમકવાની લ્હાયમાં વાજપેયી જેવા ભારત રત્નની મરણોપરાંત ગરિમા પણ ના જળવાય તેવી ભાષા સોશિયલ મીડિયામાં વાપરતા નેતાઓ લજવાતા નથી. સરકારી યોજનાઓની જાહેરાતો હોય કે સરકારી કાર્યક્રમો હોય સત્તાધીશોએ પણ જાણે વિપક્ષે કરેલા આક્ષેપોને "ઈંટનો જવાબ પત્થરથી આપવા" કે વિપક્ષના નિવેદનનો વળતો જવાબ કે ખુલાસો કરવા માટે જ હોય તેવી સ્થિતિ સતત જોવા મળે છે.

"રમત પણ જીતો અને દિલ પણ જીતો" કહીને દિલ જીતવાની વાજપેયીજીએ કરેલી રાજનીતિ કરતાં તોડ-ફોડ અને ધાંધલ-ધમાલ કે શોરબકોરની રાજનીતિની મહત્તા વધતી અટકાવવી જરૂરી : નેતાઓ ચર્ચા ગૃહમાં ખુરશીઓ ઉછાળવાનું અને કાર્યકરો આંદોલનના નામે બસો બાળવાનું ક્યારે બંધ કરશે??

સત્તાપક્ષ અને વિપક્ષ બંનેના મતને રાષ્ટ્ર હિતાર્થે સકારત્મ્કતાથી લેવાના પ્રખર હિમાયતી એવ અટલ બિહારી વાજેપેઈની વિદાય પછી સૌહાર્દપૂર્ણ રાજનીતિનો શૂન્યાવકાશ સર્જાઈ ચૂક્યો છે, "આરોપો મૂકો તો તેને સમર્થન આપતી વિગતો પણ સાથે જ મૂકો" તેવું સ્પષ્ટ કહેતા વાજપેયીજી જ્યારે વિદેશમંત્રી બન્યા ત્યારે સંસદભવનની ગેલેરીમાં જે નહેરુજીની તસવીર તે રોજ નિહાળતા હતા તે ગાયબ જણાતા નારાજગી વ્યક્ત કરવા સાથે તે તસવીરનું પુનઃસ્થાપન પણ કરાવ્યુ હતું. એજ વાજપેયીજીને ૧૯૮૭માં રાજીવ ગાંધીએ ન્યુયોર્ક સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં મોકલી તે સમયે અમેરિકા ખાતે જ થઈ શકતું તેમની કિડનીનું ઓપરેશન કરાવવાની સહુલિયત પણ પૂરી પાડી હતી. વાજપેયીજીએ તેમની લાંબી રાજકીય કારકિર્દી દરમ્યાન ક્યારેય કોઈની પર અંગત લાંછન નહોતું લગાવ્યું કે વ્યક્તિગત રીતે કાદવ ઉછળ્યો નહોતો, અને કદાચ તેમની આ પ્રકારની સદભાવની નીતિના કારણે તાજેતરમાં પાકિસ્તાનની ચૂંટણીઓના પ્રચારમાં ભારત વિરોધી ઉચ્ચારનો કરનાર ઈમરાન ખાને પણ પોતાના શપથગ્રહણ પહેલા વાજપેયીજીને લાગણીસભર શ્રદ્ધાંજલી અર્પણ કરવાનું ઉચિત માણ્યું હતું. આ એજ વાજપેયીજી હતા જેમણે કારગિલ યુધ્ધમાં પાકિસ્તાનને આરપારની લડાઈ કરી પરાસ્ત કર્યું હતું અને જ્યારે બંને દેશો વચ્ચે સંબંધ સુધારવાનો અવકાશ હતો ત્યારે ભારતીય ક્રિકેટ ટીમને પાકિસ્તાન મોકલવાનો નિર્ણય કર્યો હતો અને સાથે ટીમના કપ્તાન સૌરવ ગાંગુલીને કહ્યું હતું કે "રમત પણ જીતો અને દિલ પણ જીતો" . દિલ જીતવાની રાજનીતિ કરતાં વાજપેયીજી તો વિદાય થઈ ગયા છે પરંતુ હવે આ સૌહાર્દપૂર્ણ રાજનીતિ વિદાય ના થાય તે જોવા સાથે ભારતભરમાં પાયાની રાજનીતિમાં સકારત્મકતા વધે તે જોવાનું કામ તેમના અનુગામીઓ કરી દેખાડશે ત્યારે તેમણે આપેલી શ્રધ્ધાંજલિ સાચી લેખાશે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

ચિરવિદાય

- સ્વ. તારાબેન મંગળદાસ દંતાણી, ઉ.વ. ૭૫
- સ્વ. અરવિંદજી મગનજી ઠાકોર, ઉ.વ. ૨૭
- સ્વ. પ્રેમાભાઈ કેશાભાઈ પટેલ, ઉ.વ. ૭૩